# ડીસા હરીઓમ હાઈસ્કૂલ સામેનો ખાડો વાહનચાલકો માટે માથાનો દુખાવો

## ખાડાને એક માસ સકરતા પણ અધિક સમય વિતવા છતાં જૈસે થે

ડીસા, તા. ૩૦

ડીસા શહેરમાં ભારે વરસાદ દરમ્યાન કેટલાક મુખ્ય માર્ગો તુટી ગયા હતા. જેને એક માસ કરતા પણ વધારે સમય ચિતી ગયો હોવા છતાં નગરપાલિકા માર્ગોના સમારકામ પ્રત્યે દુર્લક્ષ સેવી રહ્યું હોવાના દ્રશ્યો ઠેરઅઠેર જોવા મળી રહ્યા છે. જેમાં એસ.સી.ડબલ્યુ હાઈસ્કૂલથી રેલ્વે સ્ટેશન તરફ જતા માર્ગમાં હરીઓમ સ્કુલની સામે ભુગર્ભ ગટર બનાવવા ખોદેલા ખાડાની બાજુમાં વરસાદનું પાણી વહેવાથી પડેલો ઘુંટણ સમો ખાડો વાહન ચાલકો માટે મુસીબત પુરવાર થયો છે. પરંતુ ડીસા નગરપાલિકા આ ખાડા પ્રત્યે આંખ આડા કાન કરી રહ્યું છે.

એસ.સી.ડબલ્યુથી રેલ્વે સ્ટેશન માર્ગમાં આવેલીહરીઓમ, સંત અન્ન અને સેન્ટર ઝવેયર્સ સ્કુલની નજીક વહોળાનું પાણી રેડક્રોસ કરે છે. ત્યાં મોટો પાડી પડી ગયો હતો. ભારે વરસાદ દરમ્યાન અહી ૩ થી ૪ ફુટ પાણી વહે છે. એટલે વાહન વ્યવહાર સદંતર બંધ થઈ જાય છે. વરસાદમાં આટલું પાણી વહેતું હોવા છતાં નગરપાલિકાને રોડની ચેનું નાળુ ચાલુ કરવાનું સુઝતું નથી. ભારે વરસાદને એકમાસ થઈ ગયો છે. પરંતુ ઘુંટણ સમા ખાડાનું પુરાણ નહી કરાતા ગટરનું ગંદુ પાણી આજે પણ તેમાં વહેતું કરે છે. જેના કારણે વાહન ચાલકોની હાલત છેલ્લા એક માસથી કફોડી બનેલી છે. આ વિસ્તારમાં ત્રણ શાળાઓના બાળકોને ભારે હેરાનગતિનો સામનો કરવો પડે છે. ભુગર્ભ ગટરના ખોદકામ વખતે ખોદેલો ખાડો પણ આજે એ જ સ્થિતિમાં જોવા મળી રહ્યો છે. એક તરફ વરસાદી પાણીને કારણે પડેલો ખાડો અને બીજી તરફ ભુગર્ભ ગટર માટે ખોદાયેલો ખાડો લોકો માટે એક માસ કરતા પણ અધિક સમયથી મુસીબત પુરવાર થઈ રહ્યા છે. આવી સ્થિતિ વચ્ચે અહી મોટા વાહનો પસાર થઈ શકતા નથી. શાળા છુટવાના સમયે ટ્રાફિક ચક્કાજામને કારણે વાહનોની લાંબી કતારો લાગે છે. જવાબદાર તંત્ર કુંભકર્ણની નિદ્રામાં પોઢી રહ્યું છે. લોકો, વાહન ચાલકો, વિદ્યાર્થીનીઓ, રાહદારીઓને ભારે હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે.

# મોડાસાના સરડોઈ ગામનો યુવાન નદીમાં ન્હાવા પડતા ઊંડા પાણીમાં ગરકાવ

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જિલ્લામાં રક્ષાબંધનના દિવસે એક બહેને પોતાના વ્હાલસોયા ભાઈનું નદીના પાણીમાં ડૂબી જતા બહેન અને પરિવારજનો પર આભ તુટી પડ્યું હતું. મોડાસા તાલુકાના સરડોઈ ગામનો ૨૨ વર્ષીય યુવાન રક્ષાબંધનની બપોરે ગામના મિત્રવર્તુળ સાથે ભાટકોટા-નાની ઈસરોલ ગામની સીમમાંથી પસાર થતી મેશ્વો નદીમાં ન્હાવા જતાં ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. યુવા ઉંડા પાણીમાં ડૂબી જઈ મોત નિપજતાં આ ઘટનાની જાણ સરડોઈ ગામ અને રાજપૂત સમાજમાં થતા શોકની લાગણી ફેલાઈ હતી. મોડાસા રૂરલ પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવાનનો આકસ્મીક મોતનો ગુન્હો નોંધી જાણવાજોગ ફરીયાદના આધારે કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.



મોડાસા તાલુકાના સરડોઈ ગામનો ૨૨ વર્ષીય રાજપૂત યુવાનનું આકસ્મીક મોત નિપજતાં રક્ષાબંધનનો ત્યૌહારમાં દુઃખની લાગણી વ્યાપી હતી. સરડોઈ ગામનો યુવાન યશદિપસીંહ ભૈમાવતસીંહ પુવાર ઉં.વ. ૨૨ રક્ષાબંધનના દિવસે પોતાની બહેનના હાથે રાખડી બંધાવી રજાના માહોલમાં ગામના ૬ જેટલા મિત્રો સાથે ભાટકોટા-નાની ઈસરોલ ગામની સીમમાંથી પસાર થતી મેશ્વો નદીમાં બનાવેલા ચેકડેમમાં નાહવા ગયો હતો. આકસ્મીક યુવાન પાણીમાં ડૂબી જતાં તેના ગૃપના મિત્રો ગભરાઈ ગયા હતા અને સરડોઈ ગામે પરત ફર્યા હતા ડરના માર્યા યુવાનો ગભરાટથી આ અંગે કોઈને જાણ કરી ન હતી. મૃતક યશપાલ રાત્રે ૧૦ વાગ્યા સુધી ઘરે પરત ન ફરતા પરિવારજનો હાંફળા ફાંફળા બની યુવાનની શોધખોળ હાથ ધરતાં ગામના યુવાનમિત્રો સાથે ન્હાવા ગયો હતોની જાણ થતાં તેના મિત્રોની પૂછપરછ કરતાં મિત્રોએ પરિવારજનોને હકીકતની જાણ કરતાં

### મોડાસામાં રક્ષાબંધનના દિવસે બહેને એકનો એક ભાઈ ગુમાવતા કરૂણિંતીકા સર્જાઈ

મૃતકના પરિવારજનો અને ગામના અગ્રણીઓ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ચેકડેમમાં હાથબત્તીથી તપાસ હાથ ધરતાં મૃતક યુવાન ચેકડેમની બાજુમાંથી મૃત હાલતમાં મળી આવ્યો હતો. આ અંગે મોડાસા રૂરલ પોલીસને જાણ કરતાં રૂરલ પોલીસે સ્ટેશનના પી.એસ.આઈ. સગર અને તેમની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવાનનો મૃતદેહનો કબ્જો લઈ મેઢાસણ આરોગ્ય કેન્દ્રમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી મૃતક યુવાનના પિતાની જાણવાજોગ ફરિયાદના આધારે આકસ્મીક મોતનો ગુન્હો નોંધી મૃતક યુવાનના મૃત્યુના સાચા રહસ્યો જાણવા કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

રક્ષાબંધનના પર્વના દિવસે બહેને પોતાના વ્હાલસોયાભાઈને રાખડી બાંધી રક્ષા માટે પૂજા અર્ચના કરવાની ઘટનાને બે કલાક જેટલા સમયમાંજ લાડકવાયો ભાઈનું મોત નિપજતાં બહેને આક્રંદ કરી મુક્યુ હતુ. પરિવારે પોતાના એકનો એક દિકરો ગુમાવતા માતા-પિતા પર આભ તુટી પડ્યું હતું. ન્હાવા ગયેલા યુવાનનું ડુબી જવાથી આકસ્મિક મોત નિપજતા સરડોઈ ગ્રામજનો, રાજપુત સમાજ અને સરડોઈ પંથકમાં શોક છવાયો હતો.

(તસવીર : જય અમીન, મોડાસા)

# ખેડબ્રહ્મામાં સ્ટેટ બેંકના તમામ એટીએમ દસ દિવસથી ખોટકાયેલા

## ગ્રાહકોને પડતી પારાવાર મુશ્કેલી, યાત્રાળુઓ પણ નાણાંના અભાવે અટવાયા

ખેડબ્રહ્મા, તા. ૩૦

સુપ્રસિદ્ધ યાત્રાધામ ખેડબ્રહ્મામાં દૈનિક મોટી સંખ્યામાં યાત્રાળુઓની અવરજવર રહે છે જે કારણે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના ત્રણ એટીએમ ઉપલબ્ધ કરાયા છે. જેનો તેના સ્થાનિક ગ્રાહકો સાથે યાત્રાળુઓ પણ મોટાપાયે ઉપયોગ કરે છે પરંતુ આ એટીએમ છેલ્લા દસ દિવસથી ખોટકાઈ ગયા છે જેથી યાત્રાળુ સહિત ગ્રાહકો નાણાંના અભાવે ભારે મુશ્કેલીમાં મુકાઈ જતાં હોવાથી આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે.

જગતજનની જગદંબાનું સ્થાનક એવું યાત્રાધામ ખેડબ્રહ્મા યાત્રાળુઓની આવનજાવનથી હર્યુભર્યુ રહે છે. જેમાં વળી શ્રાવણ માસમાં તહેવારો નિમિત્તે યાત્રાળુઓની સંખ્યા પણ વધી જતી હોય છે. ખેડબ્રહ્મામાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના ત્રણ એટીએમ મુકી યાત્રાળુઓને સુવિધા પૂરી પાડવાનો પ્રયાસ હાથ ધર્યો છે. વધુમાં સ્થાનિક ગ્રાહકો પણ એટીએમનો સૌથી વધુ ઉપયોગ કરે છે. પરંતુ સ્ટેટ બેંકના આ ત્રણેય એટીએમ છેલ્લા દસ દિવસથી ખોટકાઈને બંધ પડ્યા છે. છતાં બેંક દ્વારા ચાલુ કરવાના કોઈ પ્રયાસ હાથ ધરાયા નથી.

એટીએમના ભરોસે યાત્રાધામ પહોંચી જતા યાત્રાળુઓ નાણાંના અભાવે અટવાઈ જાય છે. વધુમાં નજીકમાં કોઈ બીજા એટીએમ ન હોવાથી ઉછીના પાછીના કરવાની પણ નોબત આવી જાય છે. વધુમાં સ્થાનિક ગ્રાહકોને એટીએમમાંથી નાણાં ન મળતા બેંકમાં ચેકથી ઉપાડવા જતા ભારે ભીડના કારણે કલાકો સુધી લાઈનમાં રહી મહામુસીબતે નાણાં મેળવી શકે છે જેથી સ્ટેટ બેંક દ્વારા યાત્રાધામ એવા ખેડબ્રહ્માના સંજોગોને ધ્યાને લઈ સત્વરે એટીએમ શરૂ કરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે.

### હિંમતનગરમાં પદમાવતી દેવીના એક કરોડ જાપ કરાયા

હિંમતનગર, તા. ૩૦

જીવનમાં નીતિનિયમ જરૂરી છે નીતિનિયમ વિના જીવન અધૂરું છે જેથી નીતિનિયમ જીવનમાં મહત્વના છે જયારે દુખ આવે એટલે ભગવાનને યાદ કરોએ મહત્વનું નથી પરંતુ જો જીવનનો થોડો સમય પણ ભક્તિ પાછળ આપે તો જીવન ધન્ય બની જાય છે અને એના જીવનમાં દુખ તો આવે છે પરંતુ તેના સામે ટકી રહેવા ભગવાન શક્તિ આપે છે એટલે સુખદુખનું પલડું સમાન રહે છે એવું આચાર્ય સંત સંજય મુનિજીએ જૈનોના ચાર્તુમાસ નિમિત્તે હિંમતનગરમાં યોજાયેલ સત્સંગમા જણાવ્યું હતું.

સંજય મુનીજી મહારાજની નિશ્રામાં સત્સંગના કાર્યક્રમ ચાલી રહ્યા છે ત્યારે રવિવારે સવારે હેરીટેજ પાર્ટી પ્લોટમાં સકલ સંઘ હિંમતનગર દ્વારા ભવ્યાતીભવ્ય મહા ચમત્કારી જળધારી હરિયાળી મા પદમાવતી દેવીના એક કરોડ જાપ કરવામાં આવ્યા હતા જેમાં મુની દ્વારા સિધ્ધ જ્ઞાનના વાસક્ષેપ પણ આપવામાં આવ્યો હતો આ જાપમા ભાગ લેવા માટે શહેરના મહિલા લાલ અને ભાઈઓ શ્વેત વ સ્ત્રો ધારણ કરી ઉપસ્થિત રહ્યા હતા.ઉપરાંત નાની દીકરીઓ અને દીકરાઓએ પણ હાજર રહ્યા હતા.આ મા પદમાવતી દેવીના દરબારમાં વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

# મોડાસામાં પત્નિ સાથેના આડા સંબંધનો વહેમ રાખી પતિએ યુવાનનું ઢીમ ઢાળી દીધુ

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં રક્ષાબંધનના દિવસે કોલેજ રોડ પર આવેલ ફાર્મહાઉસ નજીકના ખેતરમાં બપોરે ૧ વાગ્યાના સુમારે રક્તરંજિત ઘટનામાં યુવાનનું મોત નિપજ્યું હતું. અનૈતિક સંબંધોની આશંકાએ લઘુમતિ સમાજના યુવાને પોતાની પત્નિ સાથે અન્ય લઘુમતિ સમાજના યુવાનની મૈત્રી સંબંધે બોલાચાલી કરી ગદડાપાટુનો માર મારી હત્યા કરી ફરાર થી જતાં હત્યાની ઘટનાથી શહેરના પ્રજામાં ચકચાર મચી છે. મોડાસા ટાઉન પોલીસે હત્યાનો ગુન્હો નોંધી ફરાર હત્યારાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

મોડાસા શહેરમાં અનૈતિક સંબંધોનો કરૂણ અંજામ આવ્યાની ઘટના બની હતી. મોડાસા શહેરના કોલેજ રોડ પર આવેલા મીરઝાફાર્મ અને એજીફાર્મ વચ્ચે આવેલા ખેતરમાંથી પસાર થઈ રહેલા અલ્લારખા ઉસ્માનગની ફકીર (ઉં.વ.૨૫) (રહે. ઠક્કર પેટ્રોલપંપની સામે ઝાફરશા બાવાની



દરગાહ પાસે) પર મહેબુબખાન રફીકખાન ભટ્ટી (વણઝારા) હાલ રહે. મોડાસા મીરઝા ફાર્મ ધનસુરા રોડ (મૂળ રહે. ગામ અમલાઈ, તા. મોડાસા) નામના પરિણિત યુવાને પોતાની પત્નિ મહેરૂનબેન સાથેના અનૈતિક સંબંધોનો વહેમ રાખી બોલાચાલી કરી તકરાર ઉગ્ર બનતા વહેમિલા પતિએ મૃતક યુવાનને ખેતરમાં ગદડાપાટુનો માર મારી હત્યા કરી ફરાર થઈ ગયો હતો. યુવાનની હત્યા કરાયાની ઘટનાની જાણ તેના મિત્ર આરીફહુસેન મહેમુદખાન મકરાણી (રહે. એલાયન્સનગર, મોડાસા) તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને આ ઘટના અંગેની જાણ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.જે. ચૌધરીને કરતા ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવાનની લાશને પી.એમ. માટે મોડાસા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મોકલી આપી ખૂન કરી હત્યાનો ગુન્હો નોંધી ફરાર વહેમીલા પતિ અને યુવાનના હત્યારાને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

અનૈતિક સંબંધોમાં યુવાનની હત્યા થતાં મૃતક યુવાનની માતાનો એકનો એક દિકરાનો જીવનદિપ બુજાઈ જતાં યુવાનની માતા બેભાન બની ગઈ હતી. અનૈતિક સંબંધોના વ્હેમમાં યુવાનની હત્યા થયાના સમાચાર મોડાસા શહેર અને લઘુમતિ સમાજમાં થતાં ઘેરા શોકની લાગણી ફેલાઈ હતી.

# ડીસાની તિરુપતિ ટાઉનશીપમાં ‘શીવ પરિવાર’નું ખાતમુહૂર્ત

હિંમતનગર, તા. ૩૦

ડીસાની તિરુપતિ ટાઉનશીપ સોસાયટીમાં પવિત્ર શ્રાવણમાસ માં શિવ પરિવાર મંદિરનું ખાત મુહુર્ત તેમજ શિલાન્યાસ ના ધાર્મિક -સંગ



ની હિંદુ શા સ્ત્રોક્ત વિધિ થી પૂજા અર્ચના સાથે ઉજવણી કરાઈ હતી,

આ ધાર્મિક -સંગ વિષે માહિતી આપતા -દીપગીરીજી ગોસ્વામીએ જણાવેલ કે ‘ધર્મ શા સ્ત્રોમાં ભગવાન શિવને જગત પિતા માનવામાં આવેલ છે. કારણ કે ભગવાન શિવ સર્વવ્યાપી અને પૂર્ણ બ્રહ્મ છે. હિંદુ સંસ્કૃતિમાં ભગવાન શિવને મનુષ્ય કલ્યાણનું -તિક માનવામાં આવે છે. શિવ શબ્દ અને એના સ્વર ઉચ્ચારણ તથા ધ્યાન માત્રથી મનુષ્યને પરમ આનંદની અનુભૂતિ થવા લાગે છે. ભગવાન શિવ ભારતીય સંસ્કૃતિમાં દર્શનજ્ઞાન દ્વારા સંજીવની -દાન કરવાવાળા દેવ છે. આ કારણથી અનાદિકાળથી ભારતીય ધર્મ સાધનામાં નિરાકાર રૂપમાં હોવા છતાં શિવલીંગ સ્વરૂપમાં સાકાર મૂર્તિ પૂજા કરવામાં આવે છે. દેશપરદેશમાં ભગવાન શિવના મંદિરો દરેક શહેરો, ગામડા અને કસ્બાઓમાં ઉપલબ્ધ છે. જે ભગવાન મહાદેવની વ્યાપકતા અને એમના ભક્તોની આસ્થા -ગટ કરે છે.ત્યારે અમારી તિરુપતિ ટાઉનશીપમાં સોસાયટીમાં મહાદેવના આશીર્વાદ થી શિવ પરિવાર ના ભવ્યમંદિરનું નિર્માણકાર્ય હાથ ધરાયું છે, જેમાં મંદિરનું ખાતમુહુર્ત અને શિલાન્યાસ શુભ મુહુર્તે કરાયો છે. જેમાં યજ્ઞ, શિવ પૂજા અર્ચના માં હજારો ભાવિકો જોડાયા હતા અને આ -સંગે મહા-સાદ નો પણ ભાવિકોએ બહોળી સખ્યામાં લાભ લીધો છે.તેવું જણાવ્યું હતું જોકે ડીસામાં શિવા પરિવારના લાખોના ખર્ચે તૈયાર થનાર આ ભવ્ય મંદિરનું ખાતમુહુર્ત અને શિલાન્યાસ થતા સમગ્ર ડીસામાં આનંદની લાગણી છવાઈ છે.

**(કાંતિલાલ લોધા, ડીસા)**

### ઓરણ ગામે ખેતરની ઓરડીમાંથી ૩૦ હજારના વીજ ઉપકરણો ચોરાયા

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઓરાણ ગામ નજીક આવેલ એક ખેતરમાં આવેલ ઓરડીના તાળા તોડી અંદરથી ત્રીસ હજારના ઈલેક્ટ્રોનિક ઉપકરણોની અજાણ્યા ચોર ઈસમો ચોરી જતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર માલિક દ્વારા પોલીસ ફરીયાદ કરવામાં આવી છે.

પ્રાંતિજ તાલુકાના ઓરાણ ગામની સીમમાં આવેલ એક ખેતરમાં બનાવેલ ઓરડીના તાળા તોડી બપોરના સમયે અંદર રહેલ એલીડી મોનીટર, સીપીયુ, પ્રીન્ટર, તથા સીસીટીવી કેમેરાનું સેપટઅપ બોક્ષ સહિત કુલ ૩૦ હજારની ઈલેક્ટ્રોનિકલ વસ્તુઓની અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ જતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર આરીફ મહેબુબમીયા ઈમામબ સૈયદ રહે. અમદાવાદ ખમાસા વાળાએ ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

# પ્રાંતિજના ગલતેશ્વર મંદિરે અચાનક જ શિવલીંગ દેખાતા શિવભક્તો દર્શનાર્થે ઉમટ્યા

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા શિવ મંદિરોમાં અતિ પ્રાચીન તરીકે જાણીતું ગલતેશ્વર મહાદેવ મંદિરમાં કદીએ શિવલીંગ ના દેખાતુ અચાનક દેખાતાં શિવભક્તોએ દર્શન કરી ધન્યતા



અનુભવી હતી. જ્યારે વાયુવેગે પંથકમાં સમાચાર પ્રસરી જતાં લોકોના ટોળેટોળા ભગવાન શિવના દર્શન કરવા ઉમટી પડ્યા હતા.

મળતી માહિતી મુજબ પ્રાંતિજથી આઠ કિલોમીર દૂર સાબરમતી નદી કાંઠે ટેકરી ઉપર આવેલા શ્રી ગલતેશ્વર મહાદેવ મંદિર અને ગલતેશ્વર મહાદેવ મંદિરના નામ ઉપરથી ગામનું નામ પણ ગલેસરા (ગલતેશ્વર) તરીકે ઓળખાય છે.

જ્યારે ગલતેશ્વર મંદિર એ વર્ષો પુરાણુ સ્વયંભુ શિવમંદિર છે અને કહેવાય છે કે જે કોઈ ભક્તને સંતાન સુખ કે વૈભવી સુખ મેળવવું હોય તો તે ગલેસરા ખાતે આવેલ આ શિવ મંદિરની પૂજા કરતો તેની મનોકામના અવશ્ય પુર્ણ થાય છે.

ત્યારે કહેવાય છે કે મંદિરનું શિવલીંગ પહેલા પાંચ ફૂટ જેટલું હતું અને ઉપર દેખાતુ હતુ પરંતુ હાલ શિવલીંગ ગળતુ ગળતુ એટલું બધુ નીચું જતું રહ્યું છે કે શિવલીંગના દર્શન થતા નથી અને ભક્તો દ્વારા દૂધ, જળ, ફૂલ વગેરે ચડાવાથી જે દેખાય છે તે પણ તેમાં ઢંકાઈ જાય છે. પરંતુ જ્યારે પવિત્ર શ્રાવણ માસમાં કદીએ ના દેખાતુ શિવલીંગ સ્વયંભુ ઉપર દેખાતા અને આજુબાજુમાં દૂધ, જળ, પણ આપ મેળે અદશ્ય થઈ જતાં રોજીંદા સેવા પૂજા કરતા તથા આજુબાજુના લોકોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

**(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)**

### આગીયા ગામે કાર અને બાઈક વચ્ચે અકસ્માતમાં બે ના મોત

ખેડબ્રહ્મા, તા. ૩૦

ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામ પાસે કારચાલકે બાઈકને ટક્કર મારતા પિતા-પુત્રીનું મોત નિપજ્યું હતું.

ખેડબ્રહ્મા તાલુકાના ભુવેર ગામના લક્ષ્મણભાઈ નેતાભાઈ ડાભી તેમની પત્નિ લીલાબેન અને ૨ વર્ષની દિકરી સાથે રક્ષાબંધન માટે સાસરી પાંણાઈ ગયેલ હતા. ત્યાંથી બપોરના સમયે પરત ફરી રહ્યા હતા ત્યારે આગીયા ગામ નજીક સામેથી આવતી વેગનઆર કાર નં. જીજે૨૩એમ.૮૮૮૦ના ચાલકે પોતાની કાર પૂર ઝડપે બેદરકારીથી ગફલતભરી રીતે ચલાવી લક્ષ્મણભાઈની મોટર સાયકલ નં. જીજે૧૮સીડી-૨૦૪૫ને ટક્કર મારતા લક્ષ્મણભાઈ તથા તેમની પત્નિ અને દિકરીને શરીરે ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જ્યાં પિતા-પુત્રીની તબીયત નાજુક જણાતા હિંમતનગર રીફર કરાયા હતા. જ્યાં સારવાર દરમ્યાન પિતા-પુત્રીનું મોત નિપજ્યું હતું. જે અંગે ભુવેરના બાબુભાઈ ગેનાભાઈ ડાભીએ કારચાલક વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી હતી.

# સાબરડેરીના દૂધ ટેન્કરમાંથી દૂધ ચોરીના મામલાનો પર્દાફાશ

હિંમતનગર, તા. ૩૦

હિંમતનગર તાલુકાના ખેડથી હમીરગઢ જવાના માર્ગ પરથી શુક્રવારે રાત્રે પસાર થતા સાબરડેરીના દૂધ ભરેલા ટેન્કરમાંથી દૂધ ચોરીના કૌભાંડનો પર્દાફાશ થતા સાબરડેરીનું તંત્ર હરકતમાં આવ્યુ હતું. દૂધ ચોરીના મામલે ડેરીના અધિકારીઓ અને સ્થાનિક દૂધ મંડળીના ચેરમેનની દરમિયાનગીરી બાદ ડેરી ટેન્કરના ચાલક, સેમ્પલર અને બે વાહનવાળાઓ વિરૂધ્ધ સિકયુરીટી ગાર્ડએ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં રૂા.૧૦ હજારની કિંમતના ૨૫૦ લિટર દૂધ ચોરીનો મામલો દર્જ કરાવ્યો છે.

સાબરડેરીના દૂધ ટેન્કરમાંથી દૂધ ચોરીના મામલે -ગ્ટ થયેલ વિગત અનુસાર શુક્રવારે રાત્રે ખેડથી હમીરગઢ જવાના રસ્તા પરથી ૨૫૦ લિટર દૂધ ભરેલા પાંચ કેન બિનવારસી હાલતમાં મળી આવ્યા હતા. જે અંગે ખેડ ગામની દૂધ મંડળીના ચેરમેન નારાયણભાઈ પટેલને જાણ કરાતા તેમણે સ્થળ પર દોડી આવી દૂધના કેન કયાંથી આવ્યા, કોના છે તે અંગે ગ્રામજનો સાથે રહી તપાસ કરાવી હતી. જેમાં દૂધ ચોરી થયાની આશંકાને પગલે સાબરડેરીના તંત્રને પણ તે અંગે જાણ કરી ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં પણ જાણ કરવામાં આવી હતી. બાદમાં સાબરડેરીના અધિકારીઓએ પણ ખેડ ગામે દોડી આવી સમગ્ર ઘટના અંગે તપાસ હાથ ધરી હતી.

બાદમાં સાબરડેરીના સિકયુરીટી ગાર્ડ પુનાભાઈ ધનાભાઈ પંડયાએ સાબરડેરીની માલિકીના લવાતા દૂધ ટેન્કર નં.જીજે.૯.ઝેડ.૩૫૨૪ માંથી અંદાજે રૂા.૧૦ હજારની કિંમતના ૨૫૦ લિટર દૂધ ચોરીની ઘટના સંદર્ભે ટેન્કરના ચાલક સજ્જનસિંહ કેશરીસિંહ રાઠોડ (રહે. નાનીબેબાર, હિંમતનગર) સેમ્પલર કિસનસિંહ.એસ.પરમાર (રહે. બોરીયાખુરાદ, હિંમતનગર) અને ઈકો ગાડી નં.જીજે.૫. સીકયુ. ૮૪૫૩ અને જીજે.૯. ૨૪૪૭ વાહનના વ્યકિતઓ વિરૂધ્ધ શનિવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.